# કોવિડ-19 શિયાળુ યોજનાઃ સંક્ષેપ્ત

આ **સરકારની કોવિડ-19 શિયાળુ યોજનાનો** સંક્ષેપ્ત છે.

તેની આખી આવૃત્તિ - જેમાં વાઇરસ દબાવવાની, NHS તેમજ અરક્ષિત લોકોનું રક્ષણ કરવાનો, શિક્ષણ અને અર્થતંત્ર ચાલુ રાખવાનો અને સામાન્ય જીવન પુનઃ શરૂ કરવાનો માર્ગ પૂરો પાડવાના અમારા કાર્યક્રમ જણાવવામાં આવ્યો છે.

**સરકારના લક્ષ્યો**

1. સરકારની વ્યૂહરચના ત્રણ લક્ષ્યોથી માર્ગદર્શિત રહેશેઃ
    a. ચેપનો ફેલાવો થતો દબાવવો.
    b. વાઇરસ સામે પહોંચી વળવાના અને જનજીવન ફરી પાછું બને તેટલું સામાન્ય કરવાના નવા અને વધારે અસરકારક ઉપાયો શોધવા.
    c. અર્થવ્યવસ્થા તેમજ સમાજ, નોકરીઓ અને રોજગારને થતું નુક્સાન લઘુત્તમ કરવું. અને નર્સરીઓ, સ્કૂલો, કોલેજો તેમજ યૂનિવર્સિટીઓમાં શિક્ષણની સુરક્ષા કરવામાં આવે તેની ખાતરી કરવી.

**સામાન્ય જીવન પર પાછા ફરવાનો માર્ગ**

2. આગામી મહિનાઓમાં, સરકાર ઓછાં આર્થિક તેમજ સામાજિક નિયંત્રણો પર ઓછો અને વૈજ્ઞાનિક પ્રગતિ દ્વારા પૂરા પાડવામાં આવતા ઉકેલો પર વધારે આધાર રાખી શકશે.

3. **રસીઓ સરકારની યોજનાના કેન્દ્રમાં છે, જેથી જનજીવન ફરી પાછું બને તેટલું સામાન્ય કરવાની ખાતરી કરી શકાય.** સરકારે રસી વિકસાવી રહેલાં સાત વિભિન્ન ડેવલપરો સાથેના કરારોની જાહેરાત કરી છે, અને સમગ્ર યુ.કે.માં 350 મિલિયન કરતાં વધારે રસીના ડોઝ સુરક્ષિત કર્યા છે. જો રેગ્યુલેટરો રસીઓને મંજૂરી આપશે, તો આવતા મહિને સરકાર સમગ્ર યુ.કે.માં રસીઓ આપવાનો કાર્યક્રમ શરૂ કરવા માટે તૈયાર હશે.

4. જાહેર જનતાની સુરક્ષા હંમેશાં અગ્રેસર રહેશે. કોવિડ-19ની રસીને વપરાશ માટેની મંજૂરી તો જ મળશે, જો તે સલામતી, અસરકારકતા અને ગુણવત્તાનાં સખત ધોરણો તબીબી પ્રયોગો મારફતે પૂરાં કરતી હશે.

5. **યુ.કે. અને વિશ્વભરમાં રસી આપવાની શરૂઆત થયા પછી પણ, વાઇરસ સામે પહોંચી વળવા માટે કોવિડ-19ની અસરકારક સારવારની અગત્યતા ચાલુ જ રહેશે,** જેમને રસી ન આપી શકાય તેવાં લોકોની સારવાર સહિત, દાખલા તરીકે જેઓ ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝ્ડ હોય. અસરકારક સારવારો શોધવાથી જે લોકોને વાઇરસનો ચેપ લાગે તેમના જીવનો પરનાં જોખમો તેમજ ગંભીર બીમારીઓ ઘટશે અને તેમને સામાન્ય જીવન પુનઃ શરૂ કરવામાં સહાય મળશે.

6. સશક્ત બનાવાયેલ **કમ્યૂનિટી ટેસ્ટીંગ** કાર્યક્રમથી એવાં લોકોને અમે ઓળખી શકીશું જેમને કોઇ ચિહ્નો ન દેખાતાં હોય પરંતુ તેઓ અજાણતાં વાઇરસનો ફેલાવો કરી રહ્યાં હોય. તે ઉપરાંત, સરકાર રાષ્ટ્રીય સ્તરે NHSનાં આગલી હરોળનાં કર્મચારીઓ, સોશિયલ કેર તેમજ જ્યાં વધારે જોખમ હોય તેવાં અથવા કટોકટીનાં સ્થાનોમાં લોકોનો ઝડપથી નિયમિત ટેસ્ટ કરવાની પણ શરૂઆત કરશે.

7. કોવિડ-19નાં ચિહ્નો ધરાવતાં લોકોનો ટેસ્ટ કરવાની ક્ષમતા છેલ્લા છ મહિનામાં પાંચ ગણી વધી છે, એપ્રિલના અંતમાં દિવસના 100,000 ટેસ્ટ કરવામાં આવતા હતા તેના બદલે ઓક્ટોબરના અંત સુધીમાં દિવસના 500,000 ટેસ્ટ કરવામાં આવે છે, અને આ વર્ષના અંત સુધીમાં આ સંખ્યા હજુ પણ વધારવાની યોજના છે. **આ યુ.કે.ના દરેક ભાગમાં રહેતાં નાગરિકો માટે ઉપલબ્ધ છે.** પ્રમાણમાં થયેલા વધારા તેમજ વિસ્તરેલા નેટવર્કમાં સંકળાયેલ વ્યવસ્થાપન અને આયોજનની જટિલતાઓ હોવા ઉપરાંત, આ ટેસ્ટનાં પરિણામોના સમયમાં સુધારો કરવા માટે સરકાર કામ કરી રહી છે.

**વાઇરસ પર નિયંત્રણ લાવવું**

8. ઉપર વર્ણવેલા વૈજ્ઞાનિક વિકાસો સમાન્ય સ્થિતિ તરફ પાછા ફરવાનો માર્ગ પૂરો પાડે છે અને તેના લીધે વસંત ઋતુમાં આર્થિક અને સામાજિક નિયંત્રણોની જરૂરતો ઓછી થવી જોઇએ. પરંતુ જ્યાં સુધી આનો અમલ ચાલુ ન થાય ત્યાં સુધી સરકારે વાઇરસ દબાવવા માટેની અન્ય રીતો વાપરવાનું ચાલુ રાખવું જ રહ્યું.

**ઇંગ્લેન્ડમાં લક્ષ્યાંક સાથેનો અભિગમ**

9. કોવિડ-19 શિયાળુ યોજના એ પણ જણાવે છે કે **2 ડિસેમ્બરના રોજ ઇંગ્લેન્ડમાં અમે રાષ્ટ્રીય નિયંત્રણો કેવી રીતે ઉઠાવીશું.** આ માત્ર એટલે જ શક્ય બન્યું છે કારણ કે ઇંગ્લેન્ડમાં વર્તમાન નિયંત્રણો દરમ્યાન દરેક જણના પ્રયાસોએ વાઇરસનો ફેલાવો ધીમો પાડ્યો છે અને NHS ઉપરનું દબાણ થોડું હળવું કર્યું છે.

10. **2 ડિસેમ્બરના રોજ, સમગ્ર ઇંગ્લેન્ડમાં, કોઇ પણ ટિઅરમાં હોયઃ**

    a. ઘરમાં જ રહો જરૂરિયાતનો અંત આવશે, દરેક ટિઅરની માર્ગદર્શિકાને અધીન રહીને મુસાફરી કરવાની ફરીથી પરવાનગી આપવામાં આવશે.

    b. દુકાનો, અંગત સંભાળ, જીમ તેમજ વિસ્તૃત પ્રકારનાં લેઝરનાં સ્થાનો ફરીથી ખૂલશે.

    c. ભેગાં મળીને કરવામાં આવતી પ્રાર્થના, લગ્નો તેમજ બહાર ખુલ્લામાં રમાતી રમતો ફરીથી શરૂ થઇ શકશે.

    d. લોકો પર બહાર જાહેર ખુલ્લાં સ્થાનોમાં માત્ર એક જ વ્યક્તિને મળી શકવાની મર્યાદા નહિ રહે - 6 લોકોનો નિયમ હવેથી બહારનાં ખુલ્લાં સ્થાનો પર લાગુ પડશે, જે રીતે પહેલાના ટિઅરમાં લાગુ હતો તેવી રીતે.

11. **જો કે, વાઇરસ હજુ પણ અસ્તિત્વમાં છે અને જો આપણે સાવચેત નહિ રહીએ, તો તે રસી આવતાં પહેલાં અને કમ્યૂનિટી ટેસ્ટીંગની અસર થાય તેના પહેલાં ફરીથી ઝડપથી કાબૂ બહાર જઇ શકે છે.** તેના લીધે દેશમાં જે પ્રગતિ થઇ છે તે જોખમમાં મૂકાશે અને ફરી એકવાર NHS ઉપર અસહ્ય દબાણ ઊભું થશે અને તેના લીધે કોવિડ ન હોય તેવાં દર્દીઓનાં અગત્યનાં ઓપરેશનો થતાં અટકી પડશે.

12. **એટલા માટે, 2 ડિસેમ્બરના રોજ, ઇંગ્લેન્ડ ફરીથી પ્રાંતિય ટિઅરો લાગુ પડવાનો અભિગમ અપનાવશે -** કારણ કે એવા વિસ્તારોમાં સૌથી કડક પગલાં લેવાનું યોગ્ય છે જ્યાં અમે ચેપનો સૌથી ઊંચો દર જોઇ રહ્યાં છીએ.

13. **વાઇરસ કાબૂમાં રાખવા માટે દરેક ટિઅરમાં વધારે સખત પગલાં લાગુ પાડવામાં આવશેઃ**

a. ટિઅર 1માં, જ્યાં પણ શક્ય હોય ત્યાં ઘરે રહીને કામ કરવાની અગત્યતા સરકાર ફરીથી લાગુ પાડશે.
b. ટિઅર 2માં, પબ અને બાર બંધ કરવાં જ પડે, સિવાય કે તેઓ રેસ્ટોરંટ તરીકે ચલાવવામાં આવતાં હોય, અને યજમાનપદું કરતાં સ્થળો માત્ર મુખ્ય ભોજનની સાથે જ આલ્કોહોલ પીરસી શકે.
c. ટિઅર 3માં, યજમાનપદું કરતાં બધાં જ સ્થળો બંધ થશે, સિવાય કે તેઓ ડિલિવરી, ટેકઅવે અને ડ્રાઇવ-થ્રુ માટે ખુલ્લાં હોય; હોટેલો અને રહેઠાણ પૂરાં પાડતાં અન્ય સ્થળો બંધ કરવાં જ પડશે (સિવાય કે તેમને ખુલ્લા રહેવા માટે અમુક ચોક્કસ કારણોસર મુક્તિ અપાયેલ હોય, જેમ કે કામ માટે રહેતાં લોકો અથવા જ્યાં લોકો ઘરે પાછાં ન જઇ શકતાં હોય); અને બંધિયાર મકાનોની અંદરનાં મનોરંજન તેમજ યાત્રી સ્થાનો પણ બંધ કરવાં જ પડશે.

14. **સરકાર અગાઉના ટિઅરોમાં પણ સુધારા કરશેઃ**

a. યજમાનપદું કરતાં સ્થળો રાત્રે 10 વાગે બંધ કરવાના નિયમમાં સુધારો કરવામાં આવ્યો છે અને છેલ્લો ઓર્ડર રાત્રે 10 વાગે લઇને તે સ્થળ રાત્રે 11 વાગે બંધ કરવામાં આવવું જોઇએ. આના લીધે ગ્રાહકો એક પછી એક ધીમે ધીમે સ્થળમાંથી નીકળી શકે છે જેથી વધારે સગવડતા મળે છે.

b. ટિઅર 1 અથવા 2માં, પ્રેક્ષકોની હાજરી હોય તેવી રમતો તેમજ વ્યવસાયિક કાર્યક્રમો મકાનની અંદર તેમજ બહાર ખુલ્લામાં લોકોની સંખ્યાની ક્ષમતાની મર્યાદા તેમજ સામાજિક અંતરની સાથે ફરીથી શરૂ કરી શકાય છે, જેના લીધે મકાનની અંદરના થિયેટરો તેમજ કોન્સર્ટ હોલનાં કાર્યક્રમોમાં વધારે સાતત્ય મળી રહેશે.

c. સરકાર 'સપોર્ટ બબલ'ની લાયકાતમાં વિસ્તાર કરી રહી છે. આનાથી 1 વર્ષથી નાનાં બાળકો હોય (અથવા 5 વર્ષથી નાનાં અને એવી અસમર્થતા ધરાવતાં બાળકો જેમના માટે સતત સંભાળની જરૂરતો હોય) તેવાં માતાપિતાઓ પર અને જ્યાં ગંભીર અસમર્થતા ધરાવતી કોઇ વ્યક્તિની સંભાળ રાખતી પુખ્ત વયની એકલી વ્યક્તિ રહેતી હોય તેવાં ઘરો પર પડતી નિયંત્રણોની અસરો હળવી થવામાં મદદ મળશે.

15. આ **ટિઅરો ચેપનો ફેલાવો દબાવવા માટે બનાવવામાં આવ્યા છે** અને એટલા માટે તે વિસ્તારોને નીચલા ટિઅરમાં જવામાં સહાય કરે છે. 2 ડિસેમ્બરના રોજ દરેક વિસ્તાર કયા ટિઅરમાં જશે અને તે પછી વિસ્તારોને એકથી બીજા ટિઅરમાં કેવી રીતે ખસેડવામાં આવશે તે સરકાર નક્કી કરશે. આ વાઇરસના પ્રમાણનાં સ્પષ્ટ સૂચકો, તેના વધારાનો દર તેમજ NHSની ક્ષમતા પર આધારિત રહેશે.

16. વર્તમાન રાષ્ટ્રીય પગલાં કરતાં ઓછાં નિયંત્રિત હોવાની સાથે, **સરકાર એ માને છે કે ટિઅર 3માં લોકો તેમજ ધંધાઓ પર આ પગલાં કેટલાં આકરાં રહેશે,** ખાસ કરીને દેશના એ ભાગોમાં જ્યાં છેક ઉનાળાથી કોઇને કોઇ પ્રકારનાં નિયંત્રણો લાગુ પાડેલાં છે. એટલા માટે સરકાર ટેસ્ટ કરવાના મુખ્ય કાર્યક્રમનું સ્તર વધારવા ઉપરાંત, લોકલ ઓથોરિટીઓને સમગ્ર કમ્યૂનિટી ટેસ્ટીંગ ઉપર સાથે મળીને કામ કરવાની અને વધારે જોખમવાળાં સ્થળોમાં વધારે પ્રમાણમાં કેન્દ્રીત કરાયેલ ટેસ્ટીંગની તક આપશે. જેમનું ટેસ્ટ પરિણામ

પોઝીટીવ આવ્યું હોય તે લોકોએ સેલ્ફ-આઇસોલેશન કરવાની સાથે, આ રીતે નોંધપાત્ર પ્રમાણમાં ટેસ્ટીંગ વધારવાનું એક અતિ અગત્યનું સાધન છે, જે વિસ્તારોને સૌથી કડક પગલાંમાંથી બહાર આવવામાં મદદ કરશે.

17. સરકારનાં પગલાં ઉપરાંત, અર્થતંત્ર તેમજ લોકોની રોજી રોટી ઉપર પડેલી અસરો અતિ ગંભીર છે. એટલા માટે સરકારે યુ.કે.ના ચારેય દેશોમાં કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ, સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ ઈન્કમ સપોર્ટ સ્કીમ તેમજ ધંધાઓ માટેની બીજી અનેક સહાયક યોજનાઓની સાથે અર્થતંત્રને ટેકો આપવા તેમજ નોકરીઓનું રક્ષણ કરવા ઝડપથી પગલાં લીધાં છે.

## ક્રિસમસ અને તે પછી

18. સરકાર સ્વીકારે છે કે સમગ્ર યુ.કે.માં ઘણાં લોકો માટે ક્રિસમસનો સમય ખૂબ જ અગત્યનો છે. **કોઇ પણ ધર્મ હોય, ક્રિસમસનો સમય મોટાભાગે કુટુંબીજનો અને મિત્રોએ સાથે મળીને વીતાવવાનો, સ્કૂલો અને ઓફિસોમાં રજાઓ તેમજ બેન્ક હોલીડેના દિવસોમાં લોકોનો પ્રવાસે જવાનો સમય હોય છે.**

19. આ વર્ષે ક્રિસમસ જુદી હશે, પરંતુ લોકો તેમનાં સ્વજનોને મળી શકે તેની અમે ખાતરી કરીશું. **અમે ડીવોલ્વ્ડ એડમિનિસ્ટ્રેશન્સ** ઓફ સ્કોટલેન્ડ, નોર્ધન આયરલેન્ડ તેમજ વેલ્સ સાથે મળીને, ક્રિસમસના સમય દરમ્યાન સામાજિક નિયંત્રણોમાં સમય-મર્યાદા સાથેના ફેરફારો માટેનો **એક સર્વસામાન્ય અભિગમ નક્કી કરી રહ્યાં છીએ.**

20. **આ વર્ષે દરેક જણ માટે અતિ કપરું રહ્યું હોવાની હકીકતને જોતાં, સ્વજનો સાથે વીતાવવા મળતો સમય અતિ અગત્યનો રહેશે.** આ કારણોસર, ક્રિસમસના સમય દરમ્યાન સરકાર દરેક જણ માટે સામાજિક સંપર્ક થોડો વધારે કરવાની પરવાનગી આપશે (સલામતીપૂર્વક કેવી રીતે ઉજવણી કરવી તેની માર્ગદર્શિકાની સહાયતા સાથે). દરેક જણે એ વાતની ખાતરી કરવી જોઇએ તેમનાં સ્વજનોની, ખાસ કરીને જેઓ સૌથી વધારે અરક્ષિત છે તેમની સુરક્ષા માટે જોખમો બને તેટલાં ઓછાં કરવા તેઓ માર્ગદર્શિકાનું પાલન કરે.

21. **આ વર્ષે દરેક ધર્મનાં લોકોએ નોંધપાત્ર ત્યાગ કર્યા હોવાનું પણ સરકાર સ્વીકારે છે;** અનેક ધાર્મિક ઉજવણીઓ તેમજ તહેવારો દરમ્યાન નિયંત્રણો અમલમાં રહ્યાં છે, અને લોકોએ કરેલા તે ત્યાગના આભારે વાઈરસ પર કાબૂ મેળવવાનું શક્ય બન્યું છે. તમામ ત્રણેય ટિઅરોમાં અને બધા જ ધર્મો માટે હવેથી સાર્વજનિક પ્રાર્થનાઓ કરી શકાશે અને ધાર્મિક કાર્યક્રમો બને તેટલાં સલામત બનાવવા માટેની સલાહમસલતો કરીને ધાર્મિક આગેવાનો તેમાં અગત્યની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે.

22. **આ જોખમ મુક્ત નહિ હોય:** આ વર્ષના અંત સુધી અને 2021માં પણ યુ.કે.ની સમગ્ર જન વસ્તી ઉપર કોવિડ-19નો અતિ વાસ્તિવક ભય ચાલુ રહે છે. આનો અર્થ એ થાય કે ક્રિસમસની ઉજવણી "સામાન્ય રીતે" કરવાનું શક્ય નહિ બને. બીજાં ઘરનાં લોકો સાથે મળવાથી કોવિડ-19 લાગવાનું અને તે બીજાં લોકોમાં ફેલાવાનું જોખમ વધશે. ક્રિસમસના સમય દરમ્યાન વાઈરસનો ફેલાવો કાબૂમાં રાખવા માટે, આપણાં સ્વજનોનું રક્ષણ કરવા માટે તેમજ અરક્ષિત હોય તે લોકો માટેનાં ખાસ સાવચેતીનાં પગલાં લેવા માટે આપણે દરેક જણે અંગત જવાબદારી લેવાની રહેશે. જ્યારે યોગ્ય હોય ત્યારે આપણે દરેક જણ ટેસ્ટ કરાવીએ,

બીજાં લોકોનું રક્ષણ કરવા માટે સેલ્ફ-આઇસોલેટ કરીએ તે અત્યંત અગત્યનું છે, તાજી હવાની અગત્યતા યાદ રાખો અને હાથ, ચહેરો, અંતર રાખીને એકબીજાંનું રક્ષણ કરો.

**યોગ્ય વર્તનો જાળવી રાખવાં**

23. વાઇરસ દબાવવાની સૌથી અગત્યની રીત આપણે સહુ યોગ્ય વર્તનોનું અનુસરણ ચાલુ રાખીએ તે છે.

24. આમાં ઓછામાં ઓછી 20 સેકંડ સુધી અવારનવાર હાથ ધોવાનો, ચહેરા પર આવરણ પહેરવાનો, બંધિયાર સ્થાનોમાં પુષ્કળ પ્રમાણમાં તાજી હવા આવતી હોવાની ખાતરી કરવાનો, સામાજિક અંતર જાળવવાનો તેમજ ચેપ લાગ્યો હોવાની શંકા જાય કે તે ચોક્કસ થાય તો સેલ્ફ-આઇસોલેટ કરવાનો સમાવેશ થાય છે.

25. યુ.કે.ની જનતાએ આ વર્તનો અપનાવીને વાઇરસનો ફેલાવો ઓછો કરવામાં બેશકપણે મદદ કરી છે, જ્યાં તેમણે સામાજિક અને આર્થિક હાડમારી ભોગવવી પડી હોય ત્યાં પણ.

26. આખા શિયાળા દરમ્યાન આ વર્તનો એટલાં જ અગત્યનાં રહેશે અને આપણે સહુએ આપણી ભૂમિકા ભજવવી જ રહી.